## વેકેશનના અંતિમ દિવસને સુરતીઓએ ડુમસબીચ પર મનમૂકીને માણ્યો




■ આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઇ રહ્યો છે. હવે વિદ્યાર્થીઓ અભ્યાસમાં વ્યસ્ત થઇ જશે. પરંતુ તે પહેલા વેકેશનના અંતિમ રવિવારને સુરતીઓએ ડુમસબીચ પર મનમૂકીને માણ્યો હતો. (તસવીર : સતીષ જાદવ)

### વેકેશન ખતમ, અભ્યાસ શરૂ: આજથી ફરી ગુંજશે શાળાઓમાં કલરવ

# આજથી 13 લાખ વિદ્યાર્થીનું નવુ સત્ર

**પ્રથમ** સત્રમાં 120 દિવસનું શિક્ષણ કાર્ય, દિવાળી વેકેશન 5થી 25 નવેમ્બર સુધી

સુરતઃ ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં ગુજરાત બોર્ડની શાળાઓમાં આજથી એટલે કે 8 જૂનથી શૈક્ષણિક વર્ષ 2026-27નો વિધિવત પ્રારંભ થઈ રહ્યો છે. શાળાઓ ફરી એકવાર વિદ્યાર્થીઓના કલરવથી ગુંજી ઉઠશે. સત્તાવાર આંકડા મુજબ સમગ્ર સુરત જિલ્લામાં બાલવાટિકાથી ધોરણ-12 સુધી અંદાજે 13,13,157 વિદ્યાર્થીઓ નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત કરશે.

સુરત શહેરમાં બાલવાટિકાથી ધોરણ-12 સુધીમાં 9.83 લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરશે. તેમાં ધોરણ-5માં સૌથી વધુ 91,694 અને ધોરણ-4માં 90,769 વિદ્યાર્થીઓ નોંધાયા છે. બાલવાટિકામાં 65,287 બાળકો નવા શૈક્ષણિક પ્રવાસની શરૂઆત કરશે. જિલ્લાના તાલુકાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાની દૃષ્ટિએ કામરેજ તાલુકો 59,412 વિદ્યાર્થીઓ સાથે પ્રથમ સ્થાને છે, જ્યારે પલસાણા (53,306) અને ઓલપાડ (46,276) અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે.

નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત સાથે શાળાઓમાં પ્રવેશોત્સવ, સ્વાગત કાર્યક્રમો અને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. શિક્ષણ વિભાગે પણ નવા સત્ર માટે જરૂરી તમામ તૈયારીઓ પૂર્ણ કરી હોવાનું જણાવ્યું છે.

**શહેરમાં ધોરણ મુજબ વિદ્યાર્થીઓની અંદાજિત સંખ્યા**

| | |
|---|---|
| બાલવાટિકા | 65,287 |
| ધોરણ - 1 | 87,279 |
| ધોરણ - 2 | 88,567 |
| ધોરણ - 3 | 54,147 |
| ધોરણ - 4 | 90,769 |
| ધોરણ - 5 | 91,694 |
| ધોરણ - 6 | 80,559 |
| ધોરણ - 7 | 87,685 |
| ધોરણ - 8 | 82,525 |
| ધોરણ - 9 | 74,051 |
| ધોરણ - 10 | 68,331 |
| ધોરણ - 11 | 57,479 |
| ધોરણ - 12 | 54,779 |

**સુરત જિલ્લામાં ધોરણ મુજબ વિદ્યાર્થીઓની અંદાજિત સંખ્યા**

| | |
|---|---|
| બાલવાટિકા | 88,532 |
| ધોરણ - 1 | 115,352 |
| ધોરણ - 2 | 118,376 |
| ધોરણ - 3 | 66,615 |
| ધોરણ - 4 | 121,395 |
| ધોરણ - 5 | 123,206 |
| ધોરણ - 6 | 108,969 |
| ધોરણ - 7 | 118,500 |
| ધોરણ - 8 | 111,981 |
| ધોરણ - 8 | 100,821 |
| ધોરણ - 10 | 92,374 |
| ધોરણ - 11 | 75,289 |
| ધોરણ - 12 | 71,747 |

**તાલુકાઓમાં બાલવાટિકાથી ધોરણ-12 સુધીના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા**

| | |
|---|---|
| કામરેજ | 59,412 |
| પલસાણા | 53,306 |
| ઓલપાડ | 46,276 |
| બારડોલી | 43,383 |
| માંગરોળ | 41,230 |
| માંડવી | 29,380 |
| ચોર્યાસી | 25,000 |
| મહુવા | 18,009 |
| ઉમરપાડા | 14,009 |

**બંને સત્ર મળીને કુલ 244 કાર્યદિવસ રહેશે, 80 દિવસની રજાઓ**

શૈક્ષણિક કેલેન્ડર મુજબ, પ્રથમ સત્રમાં 120 દિવસ અને બીજા સત્રમાં 124 દિવસ શૈક્ષણિક કાર્ય થશે. વર્ષ દરમિયાન 21 દિવસનું દિવાળી વેકેશન અને 35 દિવસનું ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. બંને સત્ર મળીને કુલ 244 કાર્યદિવસ રહેશે, જ્યારે સ્થાનિક રજાઓ બાદ વિદ્યાર્થીઓને આશરે 240 દિવસનું શિક્ષણ કાર્ય મળશે. દિવાળી વેકેશન 5 નવેમ્બરથી 25 નવેમ્બર, 2026 સુધી રહેશે. સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમિયાન વેકેશન અને જાહેર રજાઓ મળીને કુલ 80 દિવસની રજાઓ રહેશે.

## ચેક બાઉન્સ કેસમાં ભાઠેનાના યાર્નના વેપારીને એક વર્ષની કેદની સજા

સુરતઃ રૂપિયા ૩.૭૫ લાખનાં ચેક બાઉન્સના કેસમાં ભાઠેનાના પુષ્પક ટ્રેડર્સના માલિક સંજય વસંતલાલ જરીવાલાને કોર્ટે દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. કીમ સ્થિત હીર એન્ટરપ્રાઇઝના માલિક વિપુલભાઇ જેન્તીભાઇ ભેસાણિયા અને આરોપી સંજય જરીવાલા વચ્ચે યાર્નના વેપારની લે-વેચ ચાલતી હતી. આરોપીએ ફરિયાદી પાસેથી યાર્ન ખરીદ્યું હતું. જે પેટે ફેબ્રુઆરી, ૨૦૨૧માં રૂ. ૩,૭૫,૬૪૭નો ચેક આપ્યો હતો. જે રિટર્ન થતાં ફરિયાદીએ એડવોકેટ વિશાલ ફળદુ મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જે કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે આરોપી સંજય જરીવાલાને એક વર્ષની સજા અને વળતર પેટે ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કર્યો હતો.

## પુણામાં પાર્કિંગમાં લોખંડનો દરવાજો પડતાં 3 વર્ષના બાળકનું મોત

સુરતઃ પુણામાં પાર્કિંગમાં લોખંડનો દરવાજો તૂટીને ત્રણ વર્ષના બાળક પર પડતા મોત નીપજ્યું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોટડીપરા ગામના વતની કૌશિકભાઈ નકુમ હાલમાં પુણા પાટિયા ખાતે આવેલ નીલકંઠ સોસાયટીમાં પરિવાર સાથે રહે છે અને હીરાના કારખાનામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનો ત્રણ વર્ષનો પુત્ર સાર્થક શનિવારે સાંજે ઘરના પાર્કિંગમાં રમી રહ્યો હતો. તે પાર્કિંગમાં લોખંડના દરવાજા પાસેથી પસાર થતો હતો. તે સમયે અચાનક દરવાજો તેના પર પડ્યો હતો. જેથી તે દબાઈ ગયો હતો. ગંભીર ઈજાને પગલે તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઇ જવાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે સાર્થકને મૃત જાહેર કર્યો હતો.

## 2 મહિનામાં રેલવેના 6.80 લાખ મુસાફર પાસેથી 50.33 કરોડનો દંડ વસૂલાયો

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા ટિકિટ વગર અને અનિયમિત મુ સાફરી કરનારાઓ સામે આકરું વલણ અપનાવવામાં આવ્યું છે. એપ્રિલ અને મે 2026 દરમિયાન સમગ્ર નેટવર્ક પર હાથ ધરવામાં આવેલા સઘન ચેકિંગ અભિયાનમાં રેલવે તંત્રને મોટી સફળતા મળી છે. રેલવેના અધિકૃત આંકડાઓ અનુસાર, એપ્રિલ અને મે મહિનામાં સમગ્ર નેટવર્ક પર તપાસ દરમિયાન કુલ 6.80 લાખથી વધુ વગર ટિકિટે મુસાફરી કરતાં મુસાફરો પકડાયા હતા. આ સઘન કામગીરીને પરિણામે રેલવે તિજોરીમાં 50.33 કરોડ રૂપિયાની આવક થઈ છે, જે ગત વર્ષની સમાન અવધિમાં થયેલી 43.54 કરોડ રૂપિયાની આવકની સરખામણીએ લગભગ 16 ટકા જેટલો વધારો દર્શાવે છે. આ ઉપરાંત, મુંબઈ ઉપનગરીય સેક્શનમાં પણ તપાસ અભિયાનનો મોટો પ્રભાવ જોવા મળ્યો છે. અહીં બે મહિનાના ગાળામાં 2.20 લાખથી વધુ અનિયમિત મુસાફરો પકડાયા હતા, જેના દ્વારા રેલવેને 11.80 કરોડ રૂપિયાનું વધારાનું રાજસ્વ પ્રાપ્ત થયું છે.

# બોલો, લાલગેટના નિવૃત પ્રૌઢની કાર ગેરેજ સંચાલકે ગીરવે મૂકી દીધી

**રિપેરિંગ** માટે આપેલી વેગનઆર કાર માલિકની મંજૂરી વગર રૂ. ૫૦ હજારમાં ગીરવે મૂકી ગેરેજ સંચાલક ફરાર, મહિધરપુરાના સોહેલ શેખ સામે ગુનો દાખલ

સુરતઃ લાલગેટ વિસ્તારમાં રહેતા એક નિવૃત પ્રૌઢ સાથે જૂની ઓળખાણના આધારે વિશ્વાસઘાત કરી, રીપેરીંગ માટે આપેલી કાર માલિકની જાણ બહાર અન્ય વ્યક્તિ પાસે ગીરવે મૂકી દઈ નાણાં ઓળવી જવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે ભોગ બનનારે મહિધરપુરાના એક ગેરેજ સંચાલક વિરૂદ્ધ લાલગેટ પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

સૈયદપુરાના જાવેદ પેલેસમાં રહેતા અને નિવૃત જીવન જીવતા સજ્જાદઅહમદ ગુલામરસુલ શેખ (ઉ.વ. ૫૫) પાસે મારૂતિ કંપનીની વેગનઆર કાર (નંબરઃ GJ-05-JD-5455) છે. વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન તેઓ ગેરેજ ચલાવતા સોહેલ સફી શેખ (રહે. પાંજરીગરવાડ, બેગમપુરા, મહિધરપુરા) પાસે ગાડીનું વાયરિંગ કરાવતા હોવાથી બંને વચ્ચે સારો પરિચય હતો. ગત તા. ૧૦/૦૯/૨૦૨૫ ના રોજ સજ્જાદઅહમદભાઈએ ગાડીમાં વાયરિંગનું કામ કરાવવા માટે સોહેલનો સંપર્ક કર્યો હતો. સોહેલે ૩-૪ દિવસમાં ગાડી રીપેરીંગ કરી આપવાનો વાયદો કર્યો હતો.જો કે, લાંબો સમય થવા છતાં સોહેલે ગાડી પરત ન આપી ગોળ-ગોળ જવાબો આપ્યા હતા. આદરમિયાન ગત તા. ૨૦/૧૨/૨૦૨૫ ના રોજ ફરિયાદી પર આસિફભાઈ નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો, જેમણે જણાવ્યું કે સોહેલ અને આદિલ નામના ઈસમો તમારી ગાડી મારી પાસે વેચવા આવ્યા છે અને તેના માટે NOC ની જરૂર છે. આ સાંભળી સજ્જાદઅહમદભાઈ ચોંકી ઉઠ્યા હતા અને તેમણે ગાડી વેચવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.ત્યારબાદ ફરિયાદીએ પોતાની રીતે તપાસ કરતા ભાંડો ફૂટ્યો હતો કે, આરોપી સોહેલ શેખે તેમની વેગનઆર કાર તેમની મંજુરી વગર ભાવેશ કહાર નામના વ્યક્તિ પાસે રૂ. ૫૦,૦૦૦/- માં ગીરવે મૂકી દીધી હતી અને ભાવેશે તે ગાડી આગળ યશ કહાર પાસે ગીરવે મૂકી દીધી હતી. નાણાં મેળવી લીધા બાદ આરોપી સોહેલ પોતાનું ગેરેજ બંધ કરી ફરાર થઈ ગયો હતો. લાલગેટ પોલીસે સજ્જાદઅહમદભાઈની ફરિયાદના આધારે આરોપી સોહેલ સફી શેખ વિરૂદ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભેજ અને દક્ષિણ-પશ્ચિમ પવનથી ભારે ઉકળાટ

સુરતઃ આજે શહેરનું મહત્તમ તાપમાન આંશિક વધીને ૩૫.૯ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન આંશિક ઘટીને ૨૮.૬ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ૬૧ ટકા ભેજ નોંધાતા ગરમીની સાથે ઉકળાટમાં પણ વધારો થયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે શહેરમાં ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાયો હતો. તેમ છતાં ભેજનું પ્રમાણ વધુ રહેતા લોકોને ખાસ કરીને બપોરના સમયે ભારે અકળામણ અનુભવાઈ હતી. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની શરૂઆત પહેલા આગામી કેટલાક દિવસો સુધી ગરમી અને ઉકળાટમાં વધુ વધારો થવાની શક્યતા છે. અરબી સમુદ્ર તરફથી ભેજયુક્ત પવનો સક્રિય થતા વાતાવરણમાં બફારો વધશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ૧૫ જૂન બાદ દક્ષિણ ગુજરાતમાં ચોમાસું સક્રિય થવાની શક્યતા છે.

# સરથાણા નેચર પાર્કમાં લોકો વાઘ ઉપર પથ્થર ફેંકે છે

**સીસીફૂટેજ** ચેક કરી આવી હરકત કરનારને પકડવા માંગ

**ખરેખર** તો આવા લોકોના વરઘોડા કાઢવા જોઇએ તે હેસટેગ લાઇક થઇ રહ્યો છે

સુરતઃ મનપા સંચાલિત સરથાણા નેચરપાર્કમાં આરામથી બેસેલા પ્રાણીઓને હેરાન કરવાની ઘટનાઓ પણ બની રહી છે. આવો જ એક સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા માત્ર 6 સેકન્ડના એક વીડિયોએ વન્યજીવ પ્રેમીઓમાં ભારે રોષ જગાવ્યો છે. વીડિયોમાં એક યુવક ઝુ ની અંદર આરામ કરી રહેલા દેશના રાષ્ટ્રીય પ્રાણી વાઘને ચીડવવા અને તેનું ધ્યાન ખેંચવા માટે તેના પર પથ્થર ફેંકતો નજરે પડે છે. આ ઘટના સમયે આસપાસ અન્ય મુલાકાતીઓ હાજર હોવા છતાં કોઈએ તેને ટોક્યો પણ ન હતો. વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટના લીરેલીરા ઉડાવતી આ ઘટના સામે આવતા જ જાગૃત નાગરિકો અને પ્રાણીપ્રેમીઓએ જવાબદારો સામે કડક કાનૂની પગલાં લેવાની માંગ કરી છે. અગાઉ પણ સરથાણા ઝૂમાં મુલાકાતીઓ દ્વારા પ્રાણીઓને ચીડવવા, અવાજો કરવા કે પ્રતિબંધિત ખોરાક ફેંકવાની ઘટનાઓ બની ચૂકી છે, જે વન્યજીવોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરે છે. વન્યજીવ પ્રેમીઓએ સીસીટીવી ફૂટેજ તપાસીને આ અસામાજિક યુવકને જેલભેગો કરવા માંગ કરી છે. એટલું જ નહીં વરઘોડા તો આવા લોકો કાઢવો જોઈએ તેવા હેસટેગને પણ લોકો પસંદ કરી રહ્યાં છે.

**ઉનાળું વેકેશનમાં રેકોર્ડ બ્રેક મુલાકાતીઓ**

સરથાણા નેચરપાર્ક દ્વારા જાહેર કરેલા આંકાડાઓ મુજબ, ગત વર્ષે તારીખ 05/05/2025 થી 08/06/2025 સુધીના વેકેશન સમયગાળા દરમિયાન કુલ 1,03,879 મુલાકાતીઓ નોંધાયા હતા, જેનાથી પાર્કને 27,67,080ની આવક થઈ હતી. તેની સરખામણીમાં, ચાલુ વર્ષે તારીખ 04/05/2026 થી 07/06/2026 સુધીના વેકેશન ગાળામાં મુલાકાતીઓનો આંકડો વધીને 1,09,189 પર પહોંચી ગયો છે. મુલાકાતીઓની સંખ્યામાં થયેલા આ વધારા સાથે જ નેચરપાર્કની કુલ આવક પણ વધીને 30,08,950 થઈ ગઈ છે. આમ, ગત વર્ષની તુલનામાં આ વર્ષે રેકોર્ડબ્રેક 5,310 વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે અને તંત્રની આવકમાં રૂ.2,41,870નો ફાયદો નોંધાયો છે.

# OTP માટે ૧૬ મેસેજ આવ્યા બાદ બેંક ખાતુ સાફ થઈ ગયું

**BOIની** નકલી વેબસાઇટના આધારે વેપારીનો ફોન હેક કરી રૂ. ૨.૦૬ લાખની ઠગાઇ

સુરતઃ વરાછા રોડ પર દુકાન ધરાવતા અને પાસોદરા વિસ્તારમાં રહેતા એક ટેક્સટાઈલ વેપારીના મોબાઈલમાં બેંક ઓફ ઈન્ડિયાની ડુપ્લિકેટ એપ ડાઉનલોડ કરાવી, તેમનો ફોન હેક કરીને બેંક ખાતામાંથી રૂ. ૨,૦૬,૦૦૦ ઉપાડી લેનાર સામે લસકાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

પાસોદરા ખાતે ગઢપુર ટાઉનશીપમાં રહેતા અને વરાછા લંબે હનુમાન રોડ ઉપર ઓમ ફેશન નામે સાડી-કુર્તીની દુકાન ચલાવતા ચંદ્રેશભાઈ વિનુભાઈ મેઘાણી (ઉ.વ. ૩૬)ને લોન લેવાની હોવાથી, ગઈ તારીખ ૨૮/૦૫/૨૦૨૬ ના રોજ તેમણે બેંક ઓફ ઈન્ડિયાની એપ ખોલી હતી. બપોરના સમયે તેઓ પોતાના કામ માટે કીમ જવા નીકળ્યા ત્યારે રસ્તામાં તેમના મોબાઈલ પર ઉપરાઉપરી ૧૬ જેટલા OTP ના ટેક્સ્ટ મેસેજ આવ્યા હતા. નાણાં કપાયાનો મેસેજ આવતા ચેક કર્યું હતું. જેમાં રૂ. ૨૫,૦૦૦ ના બે અને રૂ. ૧,૫૬,૦૦૦ નું એક મળી કુલ ૨,૦૬,૦૦૦ રૂપિયા ગાયબ થઈ ગયા હતા. વેપારીએ તાત્કાલિક બેંકના કસ્ટમર કેર અને સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી.

તપાસ કરતા ચંદ્રેશભાઈના મોબાઈલમાં BOI ની એક નકલી એપ્લિકેશન હોવાનું માલૂમ પડ્યું હતું,જેના દ્વારા સાયબર ગઠિયાએ તેમનો ફોન હેક કર્યો હતો. એટલું જ નહીં, ઠગે વેપારીનું વોટ્સએપ પ્રોફાઈલ હેક કરીને તેમાં ચંદ્રેશભાઈના ફોટાની જગ્યાએ બેંક ઓફ ઈન્ડિયાનો લોગો પણ લગાવી દીધો હતો.

# સુરતના કાપડ બજારમાં મંદીનું મોજું, વેપારીઓ-કામદારો ચિંતિત

**મિડલ** ઈસ્ટમાં યુદ્ધ, કાચા માલની અછત અને નિકાસ પર અસરથી ટેક્સટાઇલ ઉદ્યોગ ભારે મુશ્કેલીમાં મુકાયો

સુરતઃ દેશના સૌથી મોટા ટેક્સટાઈલ હબ તરીકે ઓળખાતા સુરતના કાપડ બજારમાં હાલ ઘોર મંદીનું મોજું ફરી વળતાં વેપારીઓ, ઉદ્યોગકારો તેમજ કામદારોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. સામાન્ય રીતે તહેવારો, લગ્નોત્સવમાં કાપડના વેપારમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે, પરંતુ છેલ્લા એક વર્ષથી બજારમાં મંદીનું ગ્રહણ લાગતા સમગ્ર ઉદ્યોગ અસરગ્રસ્ત બન્યો છે.

ફોસ્ટાના પૂર્વ પ્રમુખ રંગનાથ શારડાએ જણાવ્યું હતું કે સુરતનું કાપડ બજાર સામાન્ય રીતે વર્ષ દરમિયાન એક લાખ કરોડ રૂપિયાથી વધુનું ટર્નઓવર કરે છે અને દરરોજ આશરે 6 કરોડ મીટર કપડાનું ઉત્પાદન થાય છે. જોકે હાલની પરિસ્થિતિમાં વેપારીઓની સૌથી મોટી ચિંતા મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધને લઈને છે. તેમણે જણાવ્યું કે યુદ્ધના કારણે કેમિકલ્સ, ક્રૂડ ઓઈલ અને અન્ય કાચા માલના પુરવઠા પર અસર પડી રહી છે. પરિણામે ઉત્પાદન ખર્ચમાં વધારો થયો છે અને ખાસ કરીને સાડીના જોબવર્ક, ડાઈંગ તથા પ્રિન્ટિંગના ખર્ચમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. કાચા માલની મર્યાદિત ઉપલબ્ધતાના કારણે ઉત્પાદન ચક્ર પણ પ્રભાવિત બન્યું છે.

**દ. ભારતના 5 હજાર કરોડના વેપાર પર બ્રેક**

સામાન્ય રીતે જૂન અને જુલાઈ મહિનામાં દક્ષિણ ભારતના વેપારીઓ સુરતના બજારમાંથી અંદાજે 5 હજાર કરોડ રૂપિયાથી વધુની ખરીદી કરતાં હોય છે, જેના આધારે દિવાળીની સિઝન માટે ઉત્પાદનની તૈયારી કરવામાં આવે છે. પરંતુ હાલ સાડીઓ અને અન્ય કાપડ ઉત્પાદનોના ભાવ વધતા દક્ષિણ ભારતના વેપારીઓ પણ ખરીદીમાં સંયમ દાખવી રહ્યા છે. હાલ સ્થિતિ એવી છે કે, દરેક કપડાં વેપારીઓની દુકાનમાં સાડીઓનો ઓવર સ્ટોક થઈ ગયો છે.

**ટ્રાન્સપોર્ટ વ્યવસાય પણ અસરગ્રસ્ત**

કાપડના વેપારમાં ઘટાડાને કારણે ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર પણ પ્રભાવિત બન્યું છે. માલની હેરફેર ઘટતાં ટ્રાન્સપોર્ટરોના વાહનો ખાલી રહેવાની સ્થિતિ સર્જાઇ છે, જેના કારણે તેમની આવકમાં પણ ઘટાડો નોંધાયો છે.

# કોટ વિસ્તારના કરોડોના પેન્ટહાઉસ પ્રોજેક્ટ્સ GST વિભાગના રડારમાં

**શાહપોરથી** રાણીતળાવ સુધી ૨૫થી વધુ પેન્ટહાઉસ, કરવેરા સંબંધિત ગેરરીતિની આશંકા

સુરતઃ શહેરના કોટ વિસ્તારમાં કરોડો રૂપિયાના પેન્ટહાઉસ પ્રોજેક્ટ્સ પર જીએસટી વિભાગે ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાનું જાણવા મળ્યું છે. ખાસ કરીને શાહપોર, નાણાવટ, સગરામપુરા, સૈયદપુરા, બેગમપુરા અને ઝાંપા વિસ્તારોમાં દોઢ કરોડ રૂપિયાથી વધુ કિંમતના પેન્ટહાઉસનું મોટાપાયે નિર્માણ થઈ રહ્યું છે અને સોદા પણ થઈ રહ્યાં છે.

છેલ્લા છ મહિનામાં કોટ વિસ્તારમાં ૨૫થી વધુ પેન્ટહાઉસ તૈયાર થઈ ચૂક્યા છે, જ્યારે ૧૦ જેટલા નવા પેન્ટહાઉસ પ્રોજેક્ટ્સ હાલ નિર્માણાધીન છે. અનેક પ્રોજેક્ટ્સમાં નિયમ મુજબ ભરવાનો થતો જીએસટી ચૂકવવામાં આવતો ન હોવાથી આ તમામ પ્રોજેક્ટ્સની નાણાકીય અને કરવેરા સંબંધિત વિગતોની ચકાસણી ખાનગી રાહે જીએસટી વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. કેટલાક પ્રોજેક્ટ્સમાં કરવેરા સંબંધિત ગેરરીતિની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જેના પગલે બિલ્ડરો, ડેવલપરોને જીએસટી વિભાગ વરૂણીમા લેવાની શકયતાને નકારી શકાય નહીં.

છેલ્લા બે વર્ષ દરમિયાન કોટ વિસ્તારમાં રિયલ એસ્ટેટના ભાવોમાં થયેલા જંગી વધારાને પગલે હવે જીએસટી વિભાગે પોતાની નજર કરોડો રૂપિયાના પેન્ટહાઉસ પ્રોજેક્ટ્સ પર કેન્દ્રિત કરી દીધી છે.

### કાપડ માર્કેટમાં ફરી ઘોડા બેસાડવાનું શરુ થયું

# ધર્મેશ નામધારણ કરી સેલ્સમેન રફીકે રૂપિયા ૫૯,૬૯ની ઠગાઈ કરી

**પાંચ** ગઠિયાઓએ કાપડ વેપારી રાજેશ બારડોલિયાને ઠગવા ફિલ્મના સ્લોટ જેવો કારસો રચ્યો

સુરતઃ ન્યુ સિટીલાઇટ વિસ્તારમાં રહેતા અને સન સાઈન ટેક્ષ ક્રિએશન નામે પેઢી ધરાવતા રાજેશભાઈ સુભાષચંદ્ર બારડોલીયાએ આ ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે, જુલાઈ-૨૦૨૩ માં રફીક યુસુફ પાયક નામનો વ્યક્તિ પોતાની ખોટી ઓળખ ધર્મેશ બંદરિયા તરીકે આપી સેલ્સમેન તરીકે તેમની પાસે આવ્યો હતો. તેણે તેમને જણાવ્યું હતું કે તે કાપડના મોટા કાપડ વેપારી અને દલાલ અશોકકુમાર તેજરાજ જૈન માટે કામ કરે છે. ત્યારબાદ તેણે તેમની મુલાકાત અશોક જૈન સાથે કરાવી હતી. વેપારીએ તેમને ૧૮ ટકા વ્યાજ અને ૩૦ દિવસમાં પેમેન્ટની ખાતરી આપી વેપાર શરૂ કર્યો હતો. વેપારીએ જ્યારે પોતાના બાકી નીકળતા રૂ. ૫૯.૬૯ લાખની ઉઘરાણી શરૂ કરી ત્યારે આરોપીઓ પહેલા અઠવાડિયામાં પેમેન્ટનો વાયદો આપતા હતા. જોકે, લાંબો સમય વીતવા છતાં પેમેન્ટ ન મળતા અને આરોપીઓએ ફોન ઉપાડવાનું બંધ કરી દેતા વેપારીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.ખટોદરા પોલીસે આ મામલે અશોકકુમાર જૈન, ધર્મેશ સાધુ પટેલ, જીગ્નેશ દક્ષિણા, રાજન ચૌહાણ અને રફીક પાયક વિરૂદ્ધ છેતરપીંડીનો ગુનો નોંધી વધુ તપાસ પી.આઈ. સી.કે. નિનામાને સોંપી છે.

**જુદી જુદી ચાર પાર્ટીઓએ આચરી ઠગાઈ**

» અશોકકુમાર જૈને રૂ. ૨૫.૯૪ લાખના માલ સામે માત્ર રૂ. ૧.૪૨ લાખ ચૂકવી બાકીના ૨૪.૪૮ લાખ નહીં ચૂકવ્યા » ખુશી એજન્સીના ધર્મેશ સાધુ પટેલે રૂ. ૫.૭૦ લાખના માલ સામે માત્ર રૂ. ૧.૨૧ લાખ ચૂકવી રૂ. ૪.૪૯ લાખની ઠગાઇ કરી » કાઇરા ટ્રેડિંગ કંપની મુંબઇના જીગ્નેશ દક્ષિણાએ રૂ. ૩૩.૩૯ લાખના માલ સામે માત્ર રૂ. ૮.૬૪ લાખ ચૂકવી ૨૪.૬૦ લાખ બાકી રાખ્યા » મુંબઇની શ્રી વિનાયક કોર્પોરેશનના રાજન ચૌહાણે રૂ. ૬.૫૯ લાખના માલ સામે માત્ર રૂ. ૪૭ હજાર ચૂકવી રૂ. ૬.૧૨ લાખની ઠગાઈ કરી

**ઠગબાજોના નામ**

**(૧)** અશોકકુમાર તેજરાજ જૈન (એડ્રેસ : ડોર નંબર -૫, સંદેશ પ્રેસની ગલી, બી-ટેક્સ લેબોરેટરીની બાજુમાં, સબ જેલની પાછળ, ખટોદરા) **(૨)** ધર્મેશ સાધુ પટેલ તે ખુશી એજન્સી અને શાનવી ફેબ્રિક્સના કર્તા હર્તા (એડ્રેસ : ૧૦૩૯, સાલાસર માર્કેટ સારોલી) **(૩)** જીગ્નેશ કનૈયાલાલ દક્ષિણા તે કાઈરા ટ્રેડીંગ કાં ના કર્તા હર્તા (એડ્રેસ મીરા રોડ (ઈસ્ટ) **(૪)** રાજન ચૌહાણ તે શ્રી વિનાયક કોર્પોરેશનના કર્તા હર્તા, (એડ્રેસ : સૌભાગ્ય પાર્ક, સીએચએસ લિ., એન.એચ.હાઈસ્કૂલ પાસે, મીરા રોડ (ઈસ્ટ), મુંબઈ.તથા એડ્રેસ :મોતીલાલ નગર ૨, ફાઈન સીએચએસ લિ., લીંક રોડ, શિવ મંદિર પાસે, ગોરેગાંવ વેસ્ટ, મુંબઈ) **(૫)** રફીક યુસુફ પાયક (એડ્રેસ-સુરત)

# અમરોલીમાં લગ્નનો વાયદો કરી સગીરા પર બળાત્કાર

**યુવક** સામે પોક્સો હેઠળ ગુનો દાખલ

સુરતઃ અમરોલી પોલીસ મથકની હદમાં સગીર વયની બાળાને પ્રેમજાળમાં ફસાવી, લગ્નની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ ગુજાર્યા બાદ તેનું અપહરણ કરી જવાના મામલે ભારે ચકચાર મચી ગઈ છે. સગીરાના કાકાએ આ અંગે અમરોલી પોલીસ સ્ટેશનમાં યુવક વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની અટક કરી હતી.

અમરોલી વિસ્તારમાં રહેતા ફરિયાદીની ૧૭ વર્ષની સગીર ભત્રીજી પર 24 વર્ષીય રાહુલ બહાદુર ગૌડ નામના યુવકની દાનત બગડી હતી.

રાહુલે સગીરાને લગ્ન કરવાની લાલચ આપી પોતાના પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ સગીરાની નાબાલિક વયનો ગેરલાભ ઉઠાવી અવારનવાર તેની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો, જેને કારણે સગીરાને શારીરિક ઈજાઓ પણ પહોંચી હતી. કામવાસના સંતોષાયા બાદ પણ હેવાન બનેલા રાહુલ ગૌડે ગત તા. ૦૬/૦૬/૨૦૨૬ના રોજ મધ્યરાત્રિએ ૦૦:૩૦ થી સવારના ૦૬:૦૦ વાગ્યા દરમિયાન સગીરાને તેના કાયદેસરના વાલીપણામાંથી ફોસલાવીને અપહરણ કરી ક્યાંક ભગાડી ગયો હતો.

પરિવારજનોએ શોધખોળ કરવા છતાં સગીરા ન મળી આવતા આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. આ અંગે અમરોલી પોલીસે અપહરણ), દુષ્કર્મ ૮૭ તેમજ કડક ગણાતી 'ધી પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન એન્ડ વુમન અગેઈન્સ્ટ સેક્સ્યુઅલ ઓફીન્સીસ' (POCSO) એક્ટ મુજબ ગુનો નોંધી આરોપીને ઝડપી પાડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

આ કેસની વધુ તપાસ આવાસ ચોકીના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.એ. રાઠોડ ચલાવી રહ્યા છે.

## લિંબાયતમાં નશાકારક ગોળીઓનો સપ્લાયર ઝડપાયો

સુરતઃ લિંબાયત પોલીસે નશાકારક ગોળીઓ સપ્લાય કરનારા એક રીઢા આરોપીને દબોચી લીધો છે. પોલીસે તેની પાસેથી વધુ નશાકારક ગોળીની 70 ટેબલેટ જપ્ત કરી છે. લિંબાયત પોલીસે બાતમીના આધારે આરોપી અજીમ કલીમ સૈયદ (ઉં.વ.44, રહે., ગુજરાત સ્લમબોર્ડ, મીઠીખાડી)ને ઝડપી પાડ્યો હતો. પોલીસ તપાસમાં અગાઉ લિંબાયત પોલીસના હાથે ઝડપાયેલી મહિલાને તેણે નશાકારક ગોળી સપ્લાય કરી હતી. આજે પોલીસે તેને પકડતાં તેની પાસેથી ALPRAZEP 0.5ના 2 પત્તા (કુલ 20 નંગ ગોળીઓ), ALPRASCEN-0.5ના 5 પત્તા (કુલ 50 નંગ ગોળીઓ) મળી કુલ રૂ. 3,500ની કિંમતની 70 નંગ નશાકારક ટેબલેટના આ રેકેટમાં સપ્લાયર તરીકે ભૂમિકા ભજવનાર અજીમ કલીમ સૈયદ સામે પોલીસે લિંબાયત પો.સ્ટે.માં ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.